| Innovation ID | DTP0010000002590 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | ફૂલ અને ફળઝાડમાં સડો |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | Lok(૪)૧, feb-૧૯૯૯, pg.no-૪ |
| Brief | ફૂલ અને ફળઝાડમાં સડો લાગે ત્યારે તમાકુની ડાળી, લીમડાના પાન , સીતાફળના પાનનો ઉપયોગ કરવો. |

**Detail**

ગુલાબ, જાસુદ તથા ફળફળાદિના ઝાડો જેમાં સીતાફળ, પપૈયા વગેરેના મૂળિયામાં સડો પડ્યો હોય ત્યારે ચૈતન્ય હરખલાલ પટેલ તમાકુની નકામી ડાળીઓ, લીમડાના પાન અને સીતાફળના પાનનો ઉપયોગ કરે છે. ૫૦૦ ગ્રામ તમાકુની નકામી ડાળી, ૫૦૦ ગ્રામ સીતાફળના પાન ૫૦૦ ગ્રામ બારમાસીના પાન, ૨૦૦ ગ્રામ ચુનો, ૧૦૦ ગ્રામ મોરથુથું, ૧ કિ.ગ્રા. લીમડાના પાન આ બધામાં ૫ લીટર જેટલું પાણી નાખી ૧૦ દિવસ સુધી પલાળવું ત્યારબાદ લાકડાથી ખુબ હલાવીને દ્રાવણ તૈયાર કરવું. ૧ ભાગ દ્રાવણની અંદર ૧૦ ભાગ પાણી ઉમેરી ઝાડના થડની અંદર ૮ થી ૯ ઈંચનો ખાડો ખોદીને રેડવામાં આવે છે. ૭-૭ દિવસના અંતરે રેડવામાં આવે છે. ૧૫ થી ૨૦ દિવસમાં તેની અસર થાય છે.

(આ પદ્ધતિનું પી.આઈ.સી. હસમુખભાઈ ટી. પટેલે ૮-૪-૦૬ના રોજ ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે પરંતુ ઉત્તરદાતા હાલ આ પદ્ધતિનો ઉપયોગ કરતા નથી જો છોડ સૂકાય તો આ પદ્ધતિનો ઉપયોગ અચૂક કરવા ઇચ્છે છે.)
આ પદ્ધતિ ઉત્તરદાતાએ ગ્રામીણ ખેડૂત પાસેથી વાતચીત કરતાં જાણેલી જેનો ઉપયોગ કરતાં સફળતા મળતા તેમણે વિષ્ણુભાઈ નાગર (એસ.બી.આઈ. જનરલ મેનેજર, જૂનાગઢ)ને આમ કરવા જણાવેલું તેમને પણ સફળતા પ્રાપ્ત થયેલી.
સુકાવાની, મૃતઃપ્રાય એવા છોડ પર બતાવેલ રીત અનુસાર પ્રયોગ કરેલ જે સફળ થતા આજુબાજુના રહિશોને પણ જણાવેલ છે.

(રીચેક - તા. ૯-૧૦-૨૦૦૭માં -વિપુલ વાસન)
(નોંધઃ- આ પદ્ધતિ સાચી છે. પરંતુ પોતે હાલ આ પદ્ધતિ અપનાવતા નથી. આ પદ્ધતિ ઉપર દર્શાવ્યા પ્રમાણે ઉપયોગમાં લેવી.)
- આ પદ્ધતિમાં ઉપયોગી તમાકું, લીમડો અને સીતાફળીનાં પાન સરળતાથી મળી રહેતાં હોવાથી સારી રીતે ઉપોયગમાં લઈ શકાય છે.
- આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.

આ પદ્ધતિનો મૂળસ્રોત પુસ્તકો દ્વારા માહિતી જાણવા મળેલ અને પોતે અપનાવેલ છે.
આ પદ્ધતિ પોતે પહેલા આ પદ્ધતિનો ઉપયોગ કરતા હતા હાલ ઉંમર મોટી હોવાથી અને ખેતી છોડી દીધી હોવાથી પોતે અપનાવતા નથી.

અન્ય જાણકારઃ
વિષ્ણુભાઈ નાગર, મેનેજર, SBI જૂનાગઢ.
રવજીભાઈ પટેલ, ગાંધીગ્રામ
મનજીભાઈ નંદા, ગાંધીગ્રામ
સવાભાઈ કોળી, ગાંધીગ્રામ
દલસુખભાઈ એમ. પટેલ, ગાંધીગ્રામ

| | |
|---|---|
| Method of Use | |
| Caution | આ પદ્ધતિમાં દર્શાવ્યા પ્રમાણે ઉપયોગમાં લેવાથી કોઈ આડઅસર થતી નથી. આથી સાવચેતી રાખવાની જરૂર રહેતી નથી.<br>આ પદ્ધતિ દર્શાવ્યા પ્રમાણે ઉપયોગ કરવી અન્ય કોઈ મર્યાદા નથી. |
| Benefit | |
| Condition | |
| Material Used | તમાકુની ડાળી, લીમડાના પાન , સીતાફળના પાન |
| IPR Status | |
| Keywords | તમાકુ, ડાળી, લીમડો, પાન, સીતાફળ, ફૂલ, ફળઝાડ, સડો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Scout | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૭૨ | Member Type | Innovator | | |
| First Name | ચૈતન્યકુમાર | Middle Name | હરખલાલ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | ૪/નીલકંઠક શેરી સીટીબસ કોલોની, ગાંધી ગ્રામ, જૂનાગઢ | | | | |
| Village | મું. ગાંધીગ્રામ | | | Taluka | |
| District | Junagadh | State | Gujarat | Country | India |

Biography

ઉત્તરદાતાની ઉંમર ૬૦ વર્ષની છે. ઘરે નાનો બગીચા જેવું બનાવેલ છે. રહેવા માટે પાકું મકાન ધરાવે છે. અને સંયુક્ત કુટુંબમાં રહે છે. દરેક તહેવારોમાં રસ દાખવે છે. ચૈતન્યકુમારના કુટુંબમાં ૧૪ માણસો રહે છે. તેમની આર્થિક સ્થિતિ સારી છે. તેમના પરિવારમાં ત્રણ છોકરા, ત્રણ પુત્રવધુ, ત્રણ પૌત્રો છે. ખેતીમાં ઘણો બધો રસ ધરાવે છે.

(ઉત્તરદાતાની મુલાકાતે જવા બસ સ્ટેન્ડથી રિક્ષા મળે છે. જે ૩૫ રૂ.માં પહોચાડે છે. આ ઉપરાંત મોતી બાગ સર્કલે ઉતરીને જવાથી રિક્ષામાં ૧૦ રૂ. થાય છે. સીટી બસ કોલોનીમાં નીલકંઠ શેરીમાં ૫ નંબરનું ઘર છે. )

ખગામનો પરિચય:
ગાંધીગ્રામ જૂનાગઢનો એકભાગ છે. જે પહેલાં ગામ હતું પરંતુ હાલ મહાનગર પાલિકા બની હોવાથી જૂનાગઢમાં તેને સમાવી લેવામાં આવ્યું છે. તેની વસ્તી ૩૨૦૦ લોકોની જેમાં પટેલ, આહીર, કોળી, રબારી, મેર, વણકર, બ્રાહ્મણ, વણિક વિવિધ જ્ઞાતિના લોકો રહે છે.

પોલીસસ્ટેશન, ૧થી ૭ તેમજ કોલેજ સુધાની અભ્યાસની સુવિધાઓ છે. મેઈન રસ્તાઓ પાકા છે. લોકો પાકા મકાનોમાં રહે છે. વિજળી, ગટર વગેરેની સુવિધા પૂરતી છે. ધંધા-વ્યવસાય સાથે સંકળાયેલા લોકો છે. વાહન વ્યવહારની સુવિધા સારી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૬૦ | Member Type | Verifier | | |
| First Name | હસમુખભાઈ | Middle Name | તળશીભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ચિત્રોડા | | | Taluka | ઈડર |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier | | |
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000006249 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પાકમાં કોકડવાનું નિયંત્રણ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | Lok-૮(૪) Aug.૨૦૦૩, pg.no.૫ |
| Brief | પાકમાં કોકડવાનું નિયંત્રણ માટે અરીઠા (<i>Sapindus laurifolius</i>)ના બીજનો ઉપયોગ |
| Detail | મોલો, મશી તડતડિયાં અને સફેદ મશી જેવા ચૂસિયા કીટીકો કોકડવાનો ફેલાવો કરતા હોય છે. આ રોગથી મરચીના પાન વિકૃત બની કોકડાઈ જાય છે. કેશોદ તાલુકાના લાભુબહેન ચીમનભાઈ કોટડીયા આ સમસ્યાના ઉપાય તરીકે ૧૫ લિટર પાણીમાં ૫૦૦ ગ્રામ અરીઠા (<i>Sapindus laurifolius</i>)ના ફળનો ભૂકો ઉમેરે છે. ચોવીસ કલાક બાદ આ દ્રાવણને બરાબર હલાવી કપડા વડે ગાળી લઈ મરચીના પાક ઉપર છંટકાવ કરે છે.<br>લાભુબહેનના નિરીક્ષણ મુજબ, આ છંટકાવ બાદ ચોથા દિવસથી નવી ફુટ આવે છે જે રોગમુક્ત હોય છે. આ પદ્ધતિ ક્યાંથી શીખ્યા. તેવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે વડીલો પાસેથી વર્ષો પહેલાં સાંભળ્યું હતું તે આધારે મરચીના પાકમાં અખતરો કર્યો અને સારુ પરિણામ મળ્યું<br><br>(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી અશક્ય છે. - રીચેક કાન્તિ. પરમાર.)<br>(ઉત્તરદાતાશ્રીના જણાવ્યા અનુસાર આ પદ્ધતિ તેઓ ઘરડા લોકો પાસેથી સાંભળેલ હોઈ લખાવેલ છે. પરંતુ આ પદ્ધતિનો ક્યારેય ઉપયોગ કર્યો નથી અને જમીન પણ વેચી દીધેલ હોવાથી હાલ ખેતી પણ કરતા નથી અને આવો અખતરો ક્યારેય કરેલ નથી.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | અરીઠા (<i>Sapindus laurifolius</i>)નું બીજ |
| IPR Status | |
| Keywords | કોકડવા, પાક, અરીઠા, <i>Sapindus laurifolius</i>, બીજ, જૂનાગઢ |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૩૧૪ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | લાભુબહેન | Middle Name | ચીમનભાઈ | Last Name | કોટડીયા |
| Profession | ખેતી, પશુપાલન | Designation | મહિલા ખેડૂત, પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કેશોદ, ઠે. દવે શેરી | Taluka | | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૦ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | કાન્તિભાઈ | Middle Name | રત્નાભાઈ | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ચારણવાડા, પો. વરથું | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |